# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ

## એકેડેમિક કાઉન્સીલની તા.૦૩/૦૯/૨૦૨૦ નાં રોજ ONLINE WEBEX MEET ના માધ્યમથી યોજાયેલ ૩૫ મી બેઠકની કાર્યનોંધ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સીલની ૩૫ મી બેઠક તા.૦૩ સપ્ટેમ્બર, ૨૦૨૦ નાં રોજ બપોરે ૦૩:૦૦ કલાકે **ONLINE WEBEX MEET** ના માધ્યમથી આયોજિત કરવામાં આવેલ હતી. આ બેઠકમાં નીચે મુજબનાં મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા.

(૧) માન.કુલપતિશ્રી – અધ્યક્ષશ્રી
(૨) ડૉ.મહેશકુમાર ઠાકર
(૩) શ્રી અશોક સોમેશ્વર જોષી
(૪) શ્રીમતિ સોનિયા સી. પટેલ
(૫) ડૉ.રાજેશ સી. વ્યાસ
(૬) પ્રો.શ્રીનિવાસ વરખેડી
(૭) પ્રો.હરેરામ ત્રિપાઠી
(૮) ડૉ.શ્વેતાબેન જેજુરકર
(૯) ડૉ.યોગેશ ત્રિવેદી
(૧૦) ડૉ.ભાવપ્રકાશ ગાંધી
(૧૧) પ્રો.નિલાભ તિવારી
(૧૨) શ્રી જયશંકર રાવલ
(૧૩) ડૉ.જે.પી.એન. દ્વિવેદી
(૧૪) ડૉ.નરેન્દ્રકુમાર એલ. પંડયા
(૧૫) ડૉ.લલિતકુમાર એ. પટેલ
(૧૬) ડૉ.દિપેશ વી. કતિરા
(૧૭) ડૉ. વસુમતિબેન દવે
(૧૮) શ્રી રમેશભાઈ કે. જોષી
(૧૯) શ્રી સંજયકુમાર એલ. જોષી
(૨૦) ડૉ. દશરથ જાદવ – કુલસચિવ

સૌ પ્રથમ માન.કુલપતિશ્રી દ્વારા ઉપસ્થિત સૌ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યું. તેમજ નવનિયુક્ત એકેડેમિક કાઉન્સિલના મહાનુભાવોનું સ્વાગત તેમજ સમિતિ વતી અભિનંદન પાઠવેલ. ત્યારબાદ કુલસચિવશ્રી દ્વારા માન.કુલપતિશ્રીની સૂચનાથી એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી ચર્ચા–વિચારણાને અંતે સર્વાનુમતે નીચે મુજબના નિર્ણયો લેવામાં આવ્યા.

**૩૫.૦૧** તા.૦૪/૦૬/૨૦૨૦ થી આજ દીન સુધી કરેલ કામગીરીનો અહેવાલ

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તા.૦૪/૦૬/૨૦૨૦ થી તા.૦૨/૦૯/૨૦૨૦ સુધી કરેલ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો જેમાં કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

**૩૫.૦૨** યુનિવર્સિટીની તમામ ફેકલ્ટી બેઠકમાં તા.૧૪/૦૮/૨૦૨૦ થી લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

**ઠરાવ :** યુનિવર્સિટી દ્વારા તમામ ફેકલ્ટી બેઠકમાં તા.૧૪/૦૮/૨૦૨૦ થી લેવાયેલ નિર્ણયની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૫.૦૩ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ નવા જોડાણની જાહેરાતનાં અનુસંધાને નિયમાનુસારની એલ.આઈ.સી. કરી માન્યતા આપવામાં આવેલ તેમજ જે સેન્ટર નિયમાનુસાર ન હોય તેમને નામંજૂર કરેલ છે તેમની બહાલી આપવા અર્થે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ નવા જોડાણની જાહેરાતનાં અનુસંધાને નિયમાનુસારની એલ.આઈ.સી. કરી જે તે સંસ્થાને એલ.આઈ.સી.ની ભલામણને ધ્યાને લઈ માન્યતા આપવામાં આવેલ તેમજ જે સેન્ટર નિયમાનુસાર ન હોય તેમને એલ.આઈ.સી.ના નિર્ણયને આધીન નામંજૂર કરેલ છે. જેનો સમગ્ર અહેવાલ કુલસચિવશ્રી દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો. અને ચર્ચાને અંતે કરેલ કામગીરીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૫.૦૪ યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/ડિપ્લોમા તથા પીજીડીસીએ કેન્દ્રોની શૈ.વર્ષ ૨૦–૨૧ માટે માન્યતા રીન્યુ કરવામાં આવી તેમની બહાલી અંગે.

ઠરાવ : યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય/ડિપ્લોમા તથા પીજીડીસીએ કેન્દ્રોની દર વર્ષની જેમ રીન્યુ કરવા આવેલ અરજીઓને ધ્યાને લઈ એલ.આઈ.સી.ની પ્રક્રિયા કરી તમામને શૈ.વર્ષ ૨૦–૨૧ માટે માન્યતા રીન્યુ કરવામાં આવી તે કરેલ કામગીરીને સૌ મહાનુભાવ દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૦૫ ચાલુ પીજીડીસીએ સ્ટડી સેન્ટર બંધ કરવાની આવેલ અરજીને ધ્યાને લઈ કેન્દ્ર બંધ કરી ડિપોઝીટ પરત કરવામાં આવી તેમની બહાલી અંગે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલુ પીજીડીસીએ સ્ટડી સેન્ટર બંધ કરવાની આવેલ અરજીને ધ્યાને લઈ કેન્દ્ર બંધ કરવામાં આવ્યા તેમજ ડિપોઝીટ પરત કરવામાં આવી, તે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૦૬ ચાલુ ડિપ્લોમા અભ્યાસકેન્દ્રમાંથી ત્રણ કેન્દ્રો બંધ કરવાની અરજી આવેલ અરજીને ધ્યાને લઈ કેન્દ્રો બંધ કરવામાં આવેલ તેમની બહાલી અંગે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી હાલ ચાલુ ડિપ્લોમા અભ્યાસકેન્દ્રમાંથી ત્રણ કેન્દ્રો બંધ કરવાની અરજી આવેલ અરજીને ધ્યાને લઈ કેન્દ્રો બંધ કરવામાં આવેલ. જે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૦૭ યુનિવર્સિટી સંલગ્ન બે મહાવિદ્યાલય તરફથી ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્ત આવતા તેઓને માન્યતા આપવામાં આવેલ છે જે બહાલી અર્થે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી સંલગ્ન મહાવિદ્યાલય તરફથી ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવાની દરખાસ્ત આવતા તેઓને માન્યતા આપવામાં આવેલ છે જે કરેલ કામગીરીની બાબત કુલસચિવશ્રી દ્વારા રજુ કરવામાં આવી. તેને બહાલી આપવામાં આવી. જેમાં એન.એસ.પટેલ કોલેજ, આણંદમાં ચાલતા એમ.એ. વાસ્તુ શાસ્ત્ર અને ડિપ્લોમા કેન્દ્ર માટે જોડાણ ફી ન ભરતા રીન્યુ કરવા અંગે મહાનુભાવો દ્વારા વિસ્તૃત ચર્ચા કરતાં ચર્ચાને અંતે આ બાબતે ઈ.સી.માં ચર્ચા કરી નિર્ણય કરવા ઠરાવવામાં આવ્યુ.

૩૫.૦૮ યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમાં અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦–૨૧ થી ત્રણ મોડથી ચલાવવા અંગે (૧)રેગ્યુલર(૨) ડિસ્ટન્સ(૩) ઓનલાઈનની મંજૂરી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમાં અભ્યાસક્રમને શૈક્ષણિક વર્ષ ૨૦–૨૧ થી ત્રણ મોડથી ચલાવવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. જેમાં માન.કુલપતિશ્રી દ્વારા ત્રણેય મોડમાં યુનિવર્સિટી આગળ વધશે તેમ સુચવવામાં આવતા સૌ મહાનુભાવો દ્વારા તેને આવકારી બહાલી આપવામાં આવી.

૩૫.૦૯ યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ થી શરૂ કરવામાં આવેલ ૦૨ શોર્ટ ટર્મ પ્રમાણપત્રીય ઈ–અભ્યાસક્રમની પ્રવેશ / પરીક્ષા સંબંધિત સમિતિ બેઠકની કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ થી શરૂ કરવામાં આવેલ ૦૨ શોર્ટ ટર્મ પ્રમાણપત્રીય ઈ–અભ્યાસક્રમની પ્રવેશ / પરીક્ષા સંબંધિત સમિતિ બેઠકની કાર્યનોંધને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૫.૧૦ ડિપ્લોમા એનઆરઆઈ અભ્યાસક્રમની અન્ય ડિપ્લોમા અભ્યાસક્રમની જેમ પરીક્ષા ફી રૂા.૫૦૦/– નિર્ધારિત કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ડિપ્લોમા એનઆરઆઈ અભ્યાસક્રમની અન્ય ડિપ્લોમા અભ્યાસક્રમની જેમ પરીક્ષા ફી પેટે રૂા.૫૦૦/– લેવાનું નિર્ધારિત કરવામાં આવ્યું.

૩૫.૧૧ યુનિવર્સિટી દ્વારા ચાલતા તમામ ડિપ્લોમા અભ્યાસક્રમનો નવા પ્રારૂપ મુજબ નવો અભ્યાસક્રમ તથા તે અંગેનાં જરૂરી કમિટિએ બનાવેલા નવા નિયમોને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલતા તમામ ડિપ્લોમા અભ્યાસક્રમનો નવા પ્રારૂપ મુજબ નવો અભ્યાસક્રમ તથા તે અંગેનાં જરૂરી કમિટિ દ્વારા બનાવેલા નવા નિયમોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૫.૧૨ નવા ડિપ્લોમા અભ્યાસક્રમની ફેકલ્ટી નક્કી કરવામાં આવેલ છે તેમને બહાલી આપવા અર્થે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા નવા ડિપ્લોમાં અભ્યાસક્રમની જે ફેકલ્ટી નક્કી કરવામાં આવી છે તે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૧૩ સારંગપુર કોલેજમાં ડિપ્લોમા અભ્યાસક્રમને ઓનલાઈન માધ્યમથી ચલાવવા બાબત.

ઠરાવ : BAPS સંસ્કૃત મહાવિદ્યાલય દ્વારા મળેલ રજૂઆતને ધ્યાને લઈ યુનિવર્સિટી દ્વારા ઓનલાઈન અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. તથા તેઓની કોલેજને ઓનલાઈન કેન્દ્ર ચલાવવાની મંજુરી આપેલ છે. તેની તથા તેજ કોર્ષ કોલેજ પ્રત્યક્ષ શિક્ષણથી કોલેજમાં ચલાવવા માંગેલ હોઈ તેને માન્યતા આપવામાં આવે છે. તેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

૩૫.૧૪ યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમમાંથી કુલ ૭ અભ્યાસક્રમનું સ્ટડી મટીરીયલ તૈયાર કરવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમમાંથી કુલ ૭ અભ્યાસક્રમનું સ્ટડી મટીરીયલ તૈયાર કરવા બાબતે ચર્ચા કરવામાં આવી જેમાં કુલસચિવ તથા માન.કુલપતિશ્રી દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી ચર્ચા અંતે ૭ ડિપ્લોમાં અભ્યાસક્રમનું સ્ટડી મટીરીયલ તૈયારકરી આગામી એકેડેમિક કાઉન્સીલમાં બહાલી અર્થે રજુ કરવું એમ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૩૫.૧૫ યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમને ઓનલાઈન અને ડિસ્ટન્સ મોડથી શરૂ કરવા માટે જરૂરી પ્રવેશ કમિટિ, ઈન્ફાસ્કચર તૈયાર કરવાની મંજૂરી અર્થે રજુ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમને ઓનલાઈન અને ડિસ્ટન્સ મોડથી શરૂ કરવા માટે જરૂરી પ્રવેશ કમિટિ, ઈન્ફાસ્કચર તૈયાર કરવાની મંજૂરીની બાબતે માન.કુલપતિશ્રી દ્વારા વિવરણ રજુ કરવામાં આવ્યું અને ચર્ચાને અંતે કરેલ કામગીરીને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી તથા આ માટે જરૂરી સેલની રચના કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

૩૫.૧૬ યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતા એમ.એ.ઈન યોગ અભ્યાસક્રમને સેમેસ્ટર પધ્ધતિ મુજબ તૈયાર કરેલ હોય શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી તૈયાર થયેલ નવો અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી અર્થે રજુ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા કેમ્પસ પર ચાલતા એમ.એ.ઈન યોગ અભ્યાસક્રમને સેમેસ્ટર પધ્ધતિ મુજબ તૈયાર કરેલ હોય શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી તૈયાર થયેલ નવો અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરીની બાબત રજુ કરતાં સૌ મહાનુભાવો દ્વારા મંજુરી આપવામાં આવી.

૩૫.૧૭ એમ.ફિલ.અભ્યાસક્રમાં આવતા પેપર નંબર–૩ જે તે વિષયનાં તૈયાર કરેલ છે તેમને મંજૂર કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી અભ્યાસક્રમમાં લઈ અધ્યયન કરાવવાની મંજૂરી અર્થે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં એમ.ફિલ.અભ્યાસક્રમાં આવતા પેપર નંબર–૩ જે તે વિષયનાં તૈયાર કરેલ છે તેમને મંજૂર કરી ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧થી અભ્યાસક્રમમાં લઈ અધ્યયન કરાવવાની મંજૂરીની બાબતે સૌ મહાનુભાવો ચર્ચા–વિચારણાને અંતે મંજુરી આપવામાં આવી.

૩૫.૧૮ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ અદ્વૈત વેદાંત (શાસ્ત્રી/આચાર્ય )નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે શ્રી શંકરાચાર્ય સંસ્કૃત મહાવિદ્યાલય, દ્વારકા તરફથી આવેલ અરજીને માન્ય  કરી નવો અભ્યાસક્રમ શરૂ કરવાની મંજૂરી આપવા અર્થે રજૂ.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા તૈયાર કરેલ અદ્વૈત વેદાંત (શાસ્ત્રી/આચાર્ય )નો અભ્યાસક્રમ શરૂ કરવા માટે શ્રી શંકરાચાર્ય સંસ્કૃત મહાવિદ્યાલય, દ્વારકા તરફથી આવેલ અરજીને માન્ય કરી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૦–૨૧ થી સદર મહાવિદ્યાલયમાં શાસ્ત્રી પ્રથમ ક્રમશઃ તબક્કાવાર શરૂ કરવાની સર્વાનુમતે મંજુરી આપવામાં આવી.

૩૫.૧૯ નવી બી.એડ. કોલેજ માટે સરકારશ્રીના આવેલ પત્રને ધ્યાને લઈ કરેલ કામગીરીને બહાલી આપવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીના આવેલ પત્રને ધ્યાને લઈ કરેલ કામગીરીને સૌ મહાનુભાવોને અવગત કરવામાં આવ્યા તથા કુલસચિવ દ્વારા આ બાબત NCTE ની મંજુરી મેળવવા માટે યુનિવર્સિટી દ્વારા જે પ્રયત્ન કરવામાં આવ્યા છે અને હાલ આ બાબત કયા સ્ટેજ પર પહોંચી છે તે તમામ કામગીરીનો વિસ્તૃત અહેવાલ રજુ કરવામાં આવ્યો અને માન.કુલપતિશ્રી આ અભ્યાસક્રમની ૪ વર્ષનો ઈન્ટીગ્રેટેડ ઈનોવેટીવ છે જેની જાણકારી આપી જેને સૌ મહાનુભાવો દ્વારા સ્વીકાર કરી કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૩૫.૨૦ નવનિયુકત ડીનશ્રીઓની બેઠકમાં લેવાયેલ નિર્ણયની તા.૨૬/૦૮/૨૦૨૦ કાર્યનોંધને બહાલી આપવા બાબત.

ઠરાવ : નવનિયુકત ડીનશ્રીઓની બેઠકમાં લેવાયેલ નિર્ણયની તા.૨૬/૦૮/૨૦૨૦ કાર્યનોંધ બાબતે કુલસચિવશ્રી દ્વારા તમામ મહાનુભાવોને સદર બેઠકમાં લેવાયેલ નિર્ણયથી અવગત કરવામાં આવ્યા જેને સૌ મહાનુભાવ દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૨૧ Alumini Association, Shree Somnath Sanskrit University, Veraval ના બનાવેલ નિયમોને બહાલી આપવા અંગે.

ઠરાવ : Alumini Association, Shree Somnath Sanskrit University, Veraval ના બનાવેલ નિયમોને બહાલી આપવા અંગે ચર્ચા–વિચારણા કરી સૌ મહાનુભાવ દ્વારા બનાવેલા નિયમોને બહાલી આપવામાં આવી.

૩૫.૨૨ સાતકુંડા પીજીડીસીએ કેન્દ્રની આવેલ ફરિયાદનાં આધારે માન.કુલપતિશ્રી દ્વારા મનોનિત કમિટિએ આપેલ અહેવાલને ધ્યાને લઈ સ્ટડી સેન્ટર બંધ કરવા અંગેની વિચારણા કરવા બાબત.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા સાતકુંડા પીજીડીસીએ કેન્દ્રની આવેલ ફરિયાદનાં આધારે માન.કુલપતિશ્રી દ્વારા મનોનિત કમિટિએ આપેલ અહેવાલને ધ્યાને લઈ સ્ટડી સેન્ટર બંધ કરવા અંગેની જે ભલામણ કરવામાં આવી છે જે અંગે કુલસચિવ દ્વારા કમિટિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો અને સૌ મહાનુભાવોએ રીપોર્ટને આધારે સેન્ટર બંધ કરવા અંગે ભલામણ કરી તથા આ બાબતને એકઝીકયુટીવ કાઉન્સીલમાં મૂકી નિર્ણય કરવાનું નિર્ણય કરવા જણાવવામાં આવ્યું.

૩૫.૨૩ પ્રકાશન સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૦ ની ૧૬ મી બેઠકની કાર્યનોંધને તથા બનાવેલ રેગ્યુલેશનને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી દ્વારા પ્રકાશન સમિતિની તા.૨૯/૦૮/૨૦૨૦ ની ૧૬ મી બેઠકની કાર્યનોંધને તથા બનાવેલ રેગ્યુલેશનને સૌ મહાનુભાવો દ્વારા બહાલી આપવામાં આવી.

૩૫.૨૪ Board of M.Phil. Course ની તા.૨૨/૦૭/૨૦૨૦ ની પ્રથમ બેઠક તથા તા.૧૧/૦૮/૨૦૨૦ ની બીજી બેઠકની કાર્યનોંધને બહાલી આપવા અંગે.

ઠરાવ : Board of M.Phil. Course ની તા.૨૨/૦૭/૨૦૨૦ ની પ્રથમ બેઠક તથા તા.૧૧/૦૮/૨૦૨૦ ની બીજી બેઠકની કાર્યનોંધને સૌ મહાનુભવો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી. તેમજ આ બાબતે M.Phil. Course ની એન્ટ્રાન્ટસ ટેસ્ટ અંગે ચર્ચા કરવામાં આવી અને ચર્ચાને અંતે આ અંગે કામગીરી M.Phil. Course ની પ્રવેશ સમિતિને સોંપવું તેમજ પ્રવેશ સમિતિ COVID-19 ની સ્થતિને ધ્યાને લઈ નિર્ણય લેશે એમ પણ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું.

૩૫.૨૫ M.Phil. Regulations of SSSU-Veraval (Gujarat) 2020 ને તથા જુદા જુદા ફોર્મને બહાલી આપવા અંગે.

ઠરાવ : M.Phil. Regulations of SSSU-Veraval (Gujarat) 2020 ને તથા જુદા જુદા ફોર્મથી સૌ મહાનુભાવોને કુલસચિવ દ્વારા અવગત કરવામાં આવ્યા ચર્ચાને અંતે સૌ મહાનુભાવો દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી.

૩૫.૨૬ Ph.D. Regulations of SSSU-Veraval (Gujarat) 2020 ને તથા જુદા જુદા ફોર્મને બહાલી આપવા અંગે.

ઠરાવ : Ph.D. Regulations of SSSU-Veraval (Gujarat) 2020 ને તથા જુદા જુદા ફોર્મથી સૌ મહાનુભાવોને કુલસચિવ દ્વારા અવગત કરવામાં આવ્યા ચર્ચાને અંતે સૌ મહાનુભાવ દ્વારા કરેલ કામગીરીને બહાલી આપવામાં આવી. આ અંગે મહાનુભાવશ્રી ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા આગામી Ph.D. Enterance Test અંગે ચર્ચા કરતા ચર્ચા–વિચારણા ને અંતે Ph.D. ની જાહેરાત આપવી તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

૩૫.૨૭ યુનિવર્સિટી ખાતે કે.કા.શાસ્ત્રી પાક્ષિક વ્યાખ્યાન માળા શરૂ કરેલ તેને બહાલી આપવા અંગે.

ઠરાવ : યુનિવર્સિટી ખાતે કે.કા.શાસ્ત્રી પાક્ષિક વ્યાખ્યાન માળા શરૂ કરેલ તેને સૌ મહાનુભાવ દ્વારા બહાલી આપવામાં આવી. યુનિવર્સિટી દ્વારા શરૂ કરાયેલ વ્યાખ્યાન માળા માટે સૌ મહાનુભાવોએ માન.કુલપતિશ્રીને અભિનંદન આપ્યા. તેમજ માન.કુલપતિશ્રી દ્વારા સુચન કરવામાં આવ્યું કે વિશિષ્ટ વ્યાખ્યાન આપી શકે તેવા વિદ્વાનનું નામ એકેડેમિક કાઉન્સીલના મહાનુભાવો નામ આપે. જેને સૌ મહાનુભાવો દ્વારા આવકારવામાં આવેલ.

૩૫.૨૮ મહાનુભાવોના સુચનો.

**૩૫.૨૮.૦૧ :** સદર બેઠકમાં ઉપસ્થિત વરીષ્ઠ મહાનુભાવ પ્રો.શ્રીનિવાસ વરખેડીજી દ્વારા નવી શિક્ષણ નિતીમાં સંસ્કૃતને આપેલ મહત્વ વિશે ચર્ચા કરવામાં આવી. જેમાં તેઓશ્રી દ્વારા યુનિવર્સિટીમાં વિવિધ વિષયોમાં કન્ટેન્ટ ડેવલપમેન્ટ કરી ઓપન ડીસ્ટન્સ લર્નિંગ કોર્ષ ગુજરાતી માધ્યમમાં કોર્ષ શરૂ કરવામાં આવે તો ગુજરાતી સ્થાનિક ભાષા હોવાના કારણે સ્થાનિક વિદ્યાર્થીઓની શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીમાં સંખ્યા વધે તેમ સુચન કરેલ તેમજ ઓનલાઈન કોર્ષ બાબતે યુનિવર્સિટી વિચારણા કરી શકે. આ બાબતે માન.કુલપતિશ્રી દ્વારા સદર બાબતને આભાર સાથે સમર્થન આપવામાં આવેલ. અને યુનિવર્સિટી દ્વારા દૂરદર્શિ શિક્ષણ પધ્ધતી દ્વારા ૭ ડિપ્લોમાં અભ્યાસક્રમ અને ૧ ઓનલાઈન કોર્ષ શરૂ કાર્ય છે તેની માહિતી આપી હતી. જે સૌ મહાનુભાવોએ આ બાબતને સહર્ષ સ્વિકારીને યુનિવર્સિટી આ દિશામાં વધુ આગળ વધે તેમ સુચન કરેલ અને કરેલ કામગીરીને બિરદાવેલ હતી.

**૩૫.૨૮.૦૨ :** સદર બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવશ્રી અશોકભાઈ જોષી દ્વારા વેદની પરંપરા જળવાઈ રહે તે હેતુ માટે વિદ્યાર્થીઓના હિતમાં યુનિવર્સિટી દ્વારા સર્ટિફિકેટ / ડિપ્લોમા અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે જે પરંપરાગત પાઠશાળાઓમાં શરૂ કરવા રજુઆત કરવામાં આવી. જે અંગે ચર્ચા વિચારણાને અંતે નિર્ણય કરવામાં આવ્યો કે સદર અભ્યાસક્રમના પ્રારૂપ સહિતની તમામ બાબતો સાથે શ્રી અશોકભાઈ જોષી યુનિવર્સિટીને દરખાસ્ત મોકલે અને યુનિવર્સિટી દ્વારા વેદ–વેદાંગ ફેકલ્ટીના ડીનશ્રીને આપી તેઓ આ બાબતે આગળની કાર્યવાહી કરે તેમ સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો.

**૩૫.૨૮.૦૩ :** સદર બેઠકમાં ઉપસ્થિત મહાનુભાવ ડૉ. લલિતકુમાર એ. પટેલ દ્વારા રજુઆત કરવામાં આવી કે, યુનિવર્સિટી કક્ષાએ સામાન્ય M.A.(આચાર્ય) સંસ્કૃત શરૂ કરવા જણાવેલ જેમાં ખાસ કોઈપણ વિષય સાથે સ્નાતક હોય અને M.A.(આચાર્ય) સંસ્કૃત યુનિવર્સિટીમાં કરવુ હોય તો કરી શકે તે માટે બાહય અને રેગ્યુલર યુનિવર્સિટી પરીસરમાં અભ્યાસક્રમ શરૂ થાય તેમ જણાવેલ ત્યારે તમામ સભ્યોએ સંસ્કૃત માધ્યમમાં હોવુ જોઈએ તથા તેનો અભ્યાસક્રમ બનવો જોઈએ તેમ વિચાર વ્યકત કર્યો હતો ત્યારે આ અંગે એક સમિતિની રચના માન.કુલપતિશ્રીની કક્ષાએથી કરી તેનું પ્રારૂપ અને નિયમો તૈયાર કરી આગામી એકેડેમિક કાઉન્સીલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો.

૩૫.૨૯ અધ્યક્ષસ્થાનેથી રજુ થાય તે.

**૩૫.૨૯.૦૧ –** માન.કુલપતિશ્રી દ્વારા અધ્યક્ષ સ્થાને ડિસ્ટન્સ એજયુકેશન સેલની રચના યુનિવર્સિટીમાં કરવા માટે બાબત રજુ કરતા સૌ મહાનુભાવો દ્વારા ડિસ્ટન્સ એજયુકેશન સેલની રચના કરવામાં આવે જે અંગે માન.કુલપતિશ્રીને સત્તા આપવામાં આવી.

**૩૫.૨૯.૦૨ –** યુનિવર્સિટી દ્વારા યુનિવર્સિટીના ચાલતા તમામ અભ્યાસક્રમોનો પ્રવેશ, પરીક્ષા, અને અન્ય વિદ્યાર્થીને લગત સેવા ONLINE થાય તે માટે પ્રોગ્રામ બનાવવા અને વિદ્યાર્થી અને મહાવિદ્યાલયોને તકલીફ ઓછી પડે તેમ પ્રવેશ – પરીક્ષાની કામગીરી થાય તેમ જણાવવાતા સૌ મહાનુભાવોએ આ અંગે પ્રવેશ અને પરીક્ષાની જરૂરી સેવા માટે પ્રોગ્રામીંગ કરાવવા અને આગામી વર્ષથી તેમાં કામગીરી કરવા નિર્ણય કરવામાં આવ્યો.

બેઠકને અંતે કુલસચિવ દ્વારા ઉપસ્થિત સર્વે મહાનુભાવોનો આભાર વ્યકત કરવામાં આવ્યો.

(ડૉ.દશરથ જાદવ)
કુલસચિવ